## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના અમને પણ અંદાજ ન હતો કે આ વેક્સીનથી ચૂંટણી પણ થઈ શકે...!!

# કોરોનાની વૈશ્વિક મહામારીમાં સિવિલ હોસ્પિટલમાં ૪.૨૬ લાખ કેસ નીકળ્યા

## કોરોનામાં ૩.૪૦ લાખ ઓપીડી કેસ, ૫૩,૯૯૧ ઈમરજન્સી કેસ અને ૩૨,૮૮૬ એડમીટ દર્દીઓએ સારવાર લીધી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી ૬ લાખથી વધુ દર્દીઓના ઓપીડી, તાત્કાલીક વિભાગમાં કેસ નોંધાતા હતા.જયારે ૬૦૦બેડની ઈમારતમાં ૫૦ હજારથી વધુ દર્દીઓ સારવાર મેળળે છે. ત્યારે કોરોના રોગચાળાની મહામારીમાં હોસ્પિટલમાં આવતા અન્ય રોગના દર્દીઓમાં ધરખમ ઘટાડો થયો છે. સામાન્ય વર્ષમાં સિવિલમાં ૬.૫૦ લાખ દર્દીઓ લાભ લેતા હતા તેની સામે વર્ષ ૨૦૨૦માં માત્ર ૪.૨૬ લાખ દર્દીઓએ સારવાર મેળવી સ્વસ્થ થયા છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે દર્દીઓમાં અસંખ્ય ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૯માં રૂ.૬.૬૪ લાખ ઓપીડી દર્દીઓ, ૧.૧૬ લાખ તાત્કાલીક વિભાગના કેસ તેમજ અંદાજીત ૫૯ હજાર થી વધુ ઈમરજન્સી કેસ, ઈન્ડોર દર્દીઓ મળી કુલ.૮,૩૯ લાખ જેટલા દર્દીઓ નોંધાયા હતા. જયારે વર્ષ ૨૦૨૦માં કોરોનાના સમયગાળામાં ૩.૪૦ લાખ ઓપીડી કેસ, ૫૩,૯૯૧ ઈમરજન્સી કેસ અને ૩૨,૮૮૬ ઈનડોર દર્દીઓ મળી કુલ ૪.૨૬ લાખ જ કેસ નીકળતા દર્દીઓએ લાભ લીધો છે. ગાંધીનગર સિવિલમાં વર્ષ ૨૦૧૯ દરમિયાન ૧૩૩૮ દર્દીઓના મૃત્યું નિપજયા હતા.

જેમાં કોરોના સિવાય તમામ બિમારી રોગ અને માર્ગ અકસ્માતનો સમાવેશ થાય છે. જયારે કોરોનાને પગલે ગત વર્ષે સિવિલ હોસ્પિટલમાં ૧૬૬૨ દર્દીઓએ દમ તોડ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા ઓછી હોવા છતા મૃત્યુનો રેશીયો ઉંચો હતો.

જયારે સિવિલમાં દર વર્ષે ૨૦૧૯ માં ૭ હજાર જેટલી ડિલિવરી સિવિલ કરાવાઈ છે. ત્યારે કોરોના કાળના વર્ષ ૨૦૨૦ માં ૫૧૩૭ ડિલીવરી કરાવાઈ છે. ત્યારે સિવિલમાં માર્ચ માસથી ડિસેમ્બર સુધીના ૧૦ માસના ૬૧,૧૫૭ આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૭,૬૧૩ રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા. જયારે દર આઠ ટેસ્ટે એક રીપોર્ટ પોઝીટીવ આવતો હોવાનું લાગી રહ્યું છે.

## પ્રજાસત્તાક દિન નિમિત્તે દૂરદર્શન-આકાશવાણી કેન્દ્રો પરથી રાજયપાલનો પ્રજાજોગ સંદેશ

### દાહોદ જિલ્લામાં રાજ્યપાલના હસ્તે ધ્વજ વંદન

ભારતના પ્રજાસત્તાક દિન નિમિત્તે ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતનો પ્રજાજોગ સંદેશ દૂરદર્શન કેન્દ્ર પરથી તા. ૨૬મી જાન્યુઆરીના રોજ સવારે ૮.૩૦ કલાકે પ્રસારિત કરવામાં આવશે. જયારે આકાશવાણીના કેન્દ્રો પરથી તા. ૨૫મી જાન્યુઆરીના રોજ રાત્રે ૮.૨૦ કલાકે આ સંદેશ પ્રસારિત કરાશે. પ્રજાસત્તાક દિન-૨૬મી જાન્યુઆરીએ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે દાહોદમાં નવજીવન કોલેજ ગ્રાઉન્ડ ખાતે સવારે ૯ કલાકે ધ્વજ વંદન કરવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીત ચાવડા આજે જિલ્લાના પ્રવાસે હતા. તેમણે ગિયોડ નજીક યોજાયેલા સંવાદ કાર્યક્રમમાં હાજરી આપી હતી.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં જ આચાર સંહિતાનો અમલ જિલ્લામાં શરૂ થઈ ગયો છે. તંત્રએ આ દિશામાં કામગીરી હાથ ધરી દીધી છે.
- હવે ગ્રામ્યસ્તરે પણ જન્મ-મરણના દાખલાની કોમ્પ્યુટરરાઈઝેડ કોપી રૂ. ૧૦ ચુકવતાં મળી જશે.
- રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં વિધાનસભાના બજેટ સત્રનું આહ્‌વાન કરવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.
- કમૂરતા પુરા થતાં જ લગ્નના ઢોલ ઢબુકવા લાગ્યા છે. શહેરમાં રંગમંચના બુકિંગ માટે પૃચ્છાઓ અને ફોર્મ ભરવાના શરૂ થયા છે.
- ઠંડી વધતાં જ સ્વાઈન ફ્લુનો ખતરો ઉભો થતાં તંત્રએ તમામ આરોગ્ય અધિકારીઓને સતર્ક રહી સ્થિતિ પર નજર રાખવાની સૂચનાઓ આપી છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે અને ઉપયોગમાં લેવામાં આવનાર તમામ ઈ.વી. એમ.નું એફ.એસ.સી. પણ સંપન્ન થયુ છે.
- આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી વર્ચ્યુઅલ થશે.

# ચંદ્રાલા પાસેથી આઈ-૨૦ કારમાંથી ૧૨ પેટી વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૪

ચિલોડા-હિંમતનગર હાઈ-વે માર્ગ પર ચંદ્રાલા પાસે સાંજ હોટલ પાસેથી આઈ-૨૦ કારમાંથી પોલીસને વિદેશી દારુની ૧૬૮ બોટલ દારૂની પકડી પાડી હતી. ચિલોડા પોલીસે દારુ, બે કાર, મોબાઈલ સહિત રૂ.૮.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે સાંજ હોટલ પાસે આઈ-૨૦ અને મહીન્દ્રા ટીયુવી કાર ઉભી હતી. પોલીસને શંકા જતા કાર ચેક કરી હતી. જેમાં આઈ-૨૦ કાર નં.જી. જે. ૦૫. આર. બી. - ૨૮૪૮ અને જી.જે.૨૭.સી.એફ.-૨૨૦૭ ગાડી ઉભી હતી. કારની પાસે બે અને એક વ્યકિત અંદર બેઠો હતો. પોલીસે તે વ્યકિતનું નામ પુછતા તેણે નાથુલાલ વેલારામ પટેલ (ઉ.૩૩ રહે.કૃષ્ણા એપાર્ટમેન્ટ સોનીની ચાલી અમદાવાદ), અને રાજસ્થાનના લાલુરામ સવાજી પટેલ (ઉં.૨૬ રહે કુરાબડ ભુતીયા ઉદેપુર) અને સુનિલ ચેતનરામ બિશ્નોઈ (ઉં.૨૨ જાલોર) હોવાનું ધ્યાને આવ્યું હતું. આઈ-૨૦ કારમાંથી ૧૨ પેટી દારુ મળી આવ્યો હતો.જયારે અન્ય ગાડીમાંથી કંઈ મળ્યું ન હતુ. રાજસ્થાનથી દારુનો જથ્થો સુનિલ લાવ્યો હતો.બિચ્છુવાડાથી શંકર પટેલ એ દારુ ભરેલી ગાડી આપીને નાથુલાલ અને લાલુરામને મળવા માટે કહ્યું હતું. જયારે ત્રણેય વ્યકિત એકઠા થયા બાદ શંકર કહે તે વ્યકિતને દારુનો જથ્થો પહોંચાડવાનો હતો.પોલીસે રૂ.૮૪ હજારનો દારુ, રૂ,૯,૫૦૦ ના ચાર મોબાઈલ ફોન, રૂ.૩ લાખની આઈ-૨૦ કાર, ટીયુવી કાર રૂ.૫ લાખ મળી કુલ રૂ.૮,૯૩,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

### ચિલોડા પાસે લોખંડના વીજ થાંભલાને

# ડમ્પર અથડાતાં વીજ વાયરો ધડાકાભેર તૂટતાં લોકોની નાશભાગ મચી

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા જંકશન મથક ગણાતુ ચિલોડા સર્કલ પર નવનિર્મિત જંકશન ઓવરબ્રીજ બનાવવામાં આવ્યો છે. ત્યારે હિંમતનગરથી ચિલોડા આવતા બ્રીજ પાસેના પાકો રસ્તો અને સ્ટ્રોમ ગટરલાઈનથી અડોઅડ જ્યાં લોખંડનો ઊંચો નમેલો વીજ થાંભલા પાસેથી અસંખ્ય ઊંચાઈ ધરાવતા ડમ્પર, લક્ઝરીઓ, એસ.ટી. બસો કદાચ ડાબી બાજુ સાઈડ લેતાં પુરેપુરૂ થાંભલાને અડી જતાં વારંવાર અકસ્માત થાય છે. ત્યારે આજે એક ડમ્પર આ વીજ થાંભલાને અડી જતાં જીવંત વીજ વાયરો ધડાકાભેર તુટી જતાં રોડ સાઈડ આવેલી અસંખ્ય દુકાનદારોમાં



નાશભાગ મચી જવા પામી હતી. આમ એકબાજુ ઓવરબ્રુજની દિવાલ અને બીજી બાજુ આ નમેલો વીજ થાંભલા પાસેથી પસાર થતાં અસંખ્ય વાહનો છાશવારે અથડાતાં ભયંકર જાનહાનિ અકસ્માતનો નિર્દોષ માણસો ભોગ બને તે પહેલાં વીજ થાંભલાને અહીંથી દૂર ખસેડવા વેપારીઆલમમાં તીવ્ર માંગ પ્રવર્તી રહી છે. અગાઉ બે કે ત્રણ વખત આ વીજ થાંભલાને પસાર થતાં વાહનો અથડાવવાના બનાવો બન્યા છે ત્યારે સત્વરે આ જોખમી નમેલો વીજ થાંભલો અહીંથી દૂર ખસેડવા તાતી જરૂર છે.

# રવિવારની સવારે પ્રકૃતિ સાથે પ્રેમ કરાવતી 'નેચર વૉક' યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

"દુનિયામાં ગમે તેટલી ભૌતિકતામાં જીવતો વ્યક્તિ હોય કે કોઈપણ પ્રકારનું માનસ ધરાવતો વ્યક્તિ હોય, જો તેને પણ પ્રકૃતિના ખોળે લઈ જવામાં આવે તો ચોક્કસ તેનુ મન પ્રફુલ્લિત થાય છે." આ પ્રકારનો સંદેશ રવિવારની સવારે ગાંધીનગરમાં સાબરમતી નદી કાંઠેના જંગલમાં પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા યોજાયેલી "નેચર વૉક" દરમ્યાન વૉકમાં જોડાયેલા પ્રકૃતિપ્રેમી યુવાનોને શહેરના જાણીતા સર્પપ્રેમી ધર્મેન્દ્ર ત્રિવેદીએ કહી હતી. આ નેચર વૉકમાં જીવ વિજ્ઞાન તથા વન્ય જીવસૃષ્ટિ અંગે અભ્યાસ કરી રહેલા યુવા વિદ્યાર્થીઓ સહિત પર્યાવરણ પ્રેમીઓ જોડાયાં હતા.



ગાંધીનગરના પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા આજે રવિવારની પ્રભાતે નેચર વૉકનું આયોજન કરવામાં આવ્યું હતુ જેનો ઉદ્દેશ બાળકો તથા યુવાનોને પ્રકૃતિનું મહત્વ સમજાય અને પ્રકૃતિ સાથે સમય વિતાવી તેને સમજે તે માટેનો હતો. આ નેચર વૉકમાં શહેરના સર્પવિદ ધર્મેન્દ્ર ત્રિવેદીએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી યુવાનોને પ્રકૃતિ તથા સરીસૃપો અંગે રસપ્રદ માર્ગદર્શન આપ્યુ હતુ. નેચર વૉક દરમ્યાન તેજસ ગામિતે વનસ્પતિ અને પક્ષીઓ અંગે જાણકારી પુરી પાડી હતી જ્યારે વિવેક પરમારે વૃક્ષોનું મહત્વ અને પર્યાવરણના જતન અંગે માહિતગાર કર્યા હતા. નેચર વૉકને સફળ બનાવવા અમિત ગોંડ, વિશાલ દરજી તથા ધ્રુવ પ્રજાપતિ સહિતના સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી. આ નેચર વૉકમાં કેટલાંક અમદાવાદના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

## જનસેવા સમિતિની ટિફીન સેવાના સાતમા વર્ષમાં મંગલ પ્રવેશે વિષ્ણુયાગ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા નિયમિત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જેમાં શહેરમાં શ્રી રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત 'જનસેવા સમિતિ ગાંધીનગર' દ્વારા છેલ્લાં ૬ વર્ષથી અવિરતપણે અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત કિડની હોસ્પિટલ ખાતે દાખલ દર્દીઓ તથા તેમના સ્વજનો માટે નિઃશુલ્ક ટિફીન સર્વિસ થકી પૌષ્ટિક ભોજન પીરવસાની સેવાનો પણ સમાવેશ થાય છે. આ સેવાધર્મ કાર્ય તા. ૨૫મી જાન્યુઆરી સોમવારે તેના સાતમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. જે નિમિત્તે સવારે ૮ થી ૧ કલાક દરમિયાન સેકટર-૨૨ ખાતેના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરે શ્રી વિષ્ણુયાગ હવન અને ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

# સત્ય ઓર ઇમાન સે, સરકાર બને મતદાન સે : કભી ન દેના ઉસે વોટ, જો બાંટે દારૂ ઔર નોટ




- ગૌતમ પુરોહિત

ભારતના ચૂંટણી પંચ તરફથી મતદારો માટે જાગૃતિના અનેક કાર્યક્રમો આપવામાં આવતા હોય છે છતાં કોઈ જગ્યાએ ૧૦૦ ટકા મતદાન થઈ શકતું નથી. ઘણીવાર તો ૩૦ થી ૩૫ ટકા મતદાનમાં આખી સરકારની રચના થતી હોય છે જેમાં ૭૦ થી ૬૫ ટકા મતદારો તેમના અધિકારથી દૂર રહેતા હોય છે. જો કે છેલ્લા બે દસકામાં આવેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમ્યાન મતદારોમાં જાગૃતિનો સંચાર થયો છે અને ટકાવારીમાં વધારો નોંધાયો છે. મતદાનને ફરજીયાત કરવાના અનેક પ્રયાસો થયાં છે પરંતુ લોકશાહી પ્રક્રિયામાં અધરૂં બની રહ્યું છે. ગુજરાતમાં એક નવો પ્રયોગ ઓનલાઈન વોટીંગનો કરવામાં આવ્યો હતો પરંતુ તેને આગળ વધારી શકાયો નથી. ભારતના ચૂંટણી પંચે અનેક સુધારા કર્યા છે અને લોકોને સુવિધા ઉભી કરી આપી છે છતાં ઈચ્છિત મતદાન થઈ શકતું નથી. મતદાન કરવા માટેના આકર્ષક સ્લોગનની પણ અસર થતી નથી. રાષ્ટ્રીય મતદાન દિવસે અનેક સ્લોગન સાથે કાર્યક્રમો થતાં હોય છે. 'ઉમ્ર અઠારહ પૂરી હૈ, મત દેના જરૂરી હૈ'... 'પ્રજાતંત્ર સે નાતા હૈ, ભારત કે મતદાતા હૈ'...'સત્ય ઔર ઈમાન સે, સરકાર બને મતદાન સે'...'ના ભ્રષ્ટાચાર સે ના બેઈમાન સે, સરકાર તો બનેગી હમારે મતદાન સે'... આ પ્રકારના સૂત્રોથી આ દિવસને મનાવવામાં આવે છે પરંતુ દિન ગયા બાત ગઈ... લોકો ભૂલી જાય છે.

**કર્તવ્ય સે કોઇ ન રૂઠે, કિસી કા વોટ કભી ન છૂટેપ જાગૃતિ છતાં પણ ૧૦૦ ટકા મતદાન નહીં**


**પ્રજાસત્તાક દિન પહેલાં ચૂંટણી પંચની રચના...**

ભારતમાં નેશનલ વોટર ડે પ્રતિવર્ષ ૨૫મી જાન્યુઆરીએ મનાવવામાં આવે છે. આ દિવસ ભારતના પ્રત્યેક નાગરિક માટે ખાસ છે. આ દિવસે પ્રત્યેક નાગરિકે તેના રાષ્ટ્ર પ્રત્યે પ્રત્યેક ચૂંટણીમાં ભાગીદારી કરવાની શપથ લેવી જોઈએ, કેમ કે ભારતની પ્રત્યેક વ્યક્તિના મતથી દેશના ભવિષ્યની ઈમારત ઉભી થતી હોય છે. દેશમાં જેટલી પણ ચૂંટણી થાય છે તેને નિષ્પક્ષતાથી તેને પૂર્ણ કરવાની જવાબદારી ભારતના ચૂંટણી પંચની હોય છે. આ પંચની રચના ભારતીય સંવિધાન લાગુ થયાના એક દિવસ પહેલાં એટલે કે ૨૫મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ થઈ હતી, કેમ કે ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિન આવી રહ્યો હતો. ભારતમાં લોકશાહી પ્રક્રિયાથી ચૂંટણી કરાવવા ચૂંટણી પંચની આવશ્યકતા હતી.

**હવે પ્રત્યેક મતદાર મોબાઇલ સાથે જન્મે છે...**

ભારત સરકારે ૨૦૧૧થી પ્રત્યેક ચૂંટણીમાં લોકોની ભાગીદારી વધારવા માટે ચૂંટણી પંચના સ્થાપના દિનને રાષ્ટ્રીય મતદાતા દિવસના રૂપમાં મનાવવાનું નક્કી કર્યું છે. આ દિવસ પ્રત્યેક નાગરિકને તેમના કર્તવ્યની યાદ અપાવે છે. એક વ્યક્તિનો મત સરકાર બદલી શકે છે. જો દેશની પ્રત્યેક ચૂંટણીમાં ૧૦૦ ટકા મતદાન થાય તો સર્વોત્તમ રાજકીય પાર્ટી અને તેનો ઉમેદવાર પસંદ થશે. દેશમાં અત્યારે ૬૫ ટકા વસતી યુવાઓની છે તેથી દેશની પ્રત્યેક ચૂંટણીમાં યુવાનોએ સૌથી વધુ ભાગીદારી કરવાનો સમય છે. અત્યારના સમયમાં પ્રત્યેક મતદાર મોબાઈલ સાથે જન્મે છે તેની સમજ ચૂંટણી પંચ, રાજકીય પાર્ટીઓ અને ઉમેદવારોને આવી ચૂકી છે તેથી પ્રત્યક્ષ અને પરોક્ષ ચૂંટણી પ્રચાર કરવાની પદ્ધતિઓ બદલાઈ ચૂકી છે.

**પ્રત્યેક વર્ષે ઉજવણીની થીમ બદલાય છે...**




લોકસભા અને રાજય વિધાનસભાની ચૂંટણીઓમાં સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે તે સાંપ્રદાયિક, જાતિવાદ અને ભાષાવાદના આધારે લડાઈ રહી છે પરંતુ હવે તેનાથી ઉપર આવીને સ્વચ્છ, ચારિત્ર્યશીલ અને પ્રતિભાવંત ઉમેદવારને ચૂંટીને મોકલવાનો સમય આવી ચૂક્યો છે. ભારતમાં મતદાન માટે ૧૮ વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી છે એટલે કે ૧૮ વર્ષ જેણે પૂર્ણ કર્યા હોય તેને મતાધિકાર મળે છે. પહેલાં મતદાન કરવા માટેની વયમર્યાદા ૨૧ વર્ષ હતી પરંતુ ૧૯૮૮માં તેને ઘટાડીને ૧૮ વર્ષની કરવામાં આવી છે. ૨૦૨૦ના વર્ષમાં રાષ્ટ્રીય મતદાતા દિનની થીમ ઈલેક્ટ્રોરલ લિટરસી ફોર એ સ્ટ્રોન્ગર ડિમોક્રેસી રાખવામાં આવી હતી. એ પહેલાં ૨૦૧૯માં નો વોટર ટુ બી લેફ્ટ બિહાઈન્ડ હતી. ૨૦૧૮માં એસેસિબલ ઈલેકશન્સ થીમ હતી. હવે ૨૦૨૧ની થીમ મેકીંગ અવર વોટર્સ એમ્પાવર્ડ, વિઝીલન્ટ, સેફ એન્ડ ઈન્ફોર્મ્ડ આધારિત છે.

**૨૬મી જાન્યુઆરી પહેલાં ૨૫મી જાન્યુઆરીએ "નેશનલ વોટર ડે"ની શરૂઆત ૨૦૧૧માં થઇ હતી**

**વિશ્વના ચાર દેશોમાં મતદાન ફરજીયાત છે...**

મતદાન એક એવી પદ્ધતિ છે કે જેનાથી સભા, મતદારમંડળ જેવા જૂથ પોતાનો એક નિર્ણય લે છે કે મંતવ્ય રજૂ કરે છે. મોટાભાગે આમ થવા પાછળ ચર્ચા, વાદવિવાદ કે ચૂંટણી પ્રચાર કારણભૂત હોય છે. આ બાબત હંમેશા લોકશાહી અને લોકશાસનમાં જોવા મળે છે. લોકશાસનમાં સામાન્ય રીતે ચૂંટણી સમયે મતદાનને લાગુ પાડવામાં આવે છે. મતદાનમાં મત આપવો એક વ્યક્તિગત કાર્ય છે જેનાથી તે એક ચોક્કસ સભ્ય, સભ્યોની ચૂંટણી કે એક રાજકીય પક્ષના એક ચોક્કસ પ્રસ્તાવને પસંદ કે પોતાનો ટેકો પૂરો પાડે છે. સામાન્ય રીતે મતદાન કેન્દ્ર પર ગુપ્ત મતદાન થાય છે જેથી મતદારોની રાજનૈતિક ગોપનિયતા સુરક્ષિત રહે છે. મતદાન કરવાનું ઘણાં રાજ્યોમાં મરજીયાત છે, જ્યારે આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ અને બ્રાઝિલ જેવા દેશોમાં ફરજીયાત છે.

**વ્યક્તિને મતાધિકાર પહેલાં ૨૧ વર્ષે મળતો હતો પરંતુ સુધારો કરી ૧૮ વર્ષ નક્કી કરાઇ છે**

**ભારતમાં પહેલાં બેલેટ પછી ઇવીએમ આવ્યા...**

ભારતમાં પહેલા બેલેટ પેપરથી મતદાન થતું હતું પરંતુ ૧૯૮૨માં પ્રથમવાર ઈવીએમનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારથી આ સિસ્ટમ લાગુ કરવામાં આવેલી છે. કેરળના પરાવુર વિધાનસભાના ૫૦ મતદાન કેન્દ્રો પર ઈવીએમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ચૂંટણી હારી ગયેલા ઉમેદવાર એસી જોસ એ ઈવીએમથી થયેલી ચૂંટણીના પરિણામને કોર્ટમાં પડકાર્યું હતું. કોર્ટે ફરીથી ચૂંટણી યોજવા માટેનો આદેશ કર્યો હતો પરંતુ મશીનમાં કોઈપણ જાતની છેડછાડ કરવામાં આવી ન હતી. એક ઈવીએમમાં કન્ટ્રોલ અને બેલેટીંગ એમ બે પ્રકારના યુનિટ હોય છે. બન્ને યુનિટ પાંચ મીટર લાંબા એક કેબલથી જોડાયેલા હોય છે. કન્ટ્રોલ યુનિટ મતદાન અધિકારી પાસે હોય છે અને બેલેટીંગ યુનિટ મતદાર માટે રાખવામાં આવે છે. ચૂંટણી પૂર્ણ થયા પછી મતદાન અધિકારી ક્લોઝ બટન દબાવીને ઈવીએમને બંધ કરે છે. એક ઈવીએમમાં ૩૮૪૦ મત આપી શકાય છે. ઈવીએમની ડિઝાઈન ચૂંટણી પંચે સરકારી ક્ષેત્રની બે કંપની--- ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને ઈલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે મળીને કરી હતી. ૧૯૮૯-૯૦માં જ્યારે ઈવીએમ ખરીદવામાં આવ્યા હતા ત્યારે તેની કિંમત ૫૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી હતી.

**વિશ્વસનિયતા પર શંકા જતાં વીવીપેટનો જન્મ...**

ઈવીએમની વિશ્વસનિયતા પર શંકા ઉભી થતાં ચૂંટણી પંચે વોટર વેરિફાએબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપેટ)નો ઉપયોગ શરૂ કર્યો છે જે ઈવીએમ સાથે જોડાયેલું હોવાથી કોને મત આપ્યો તે મતદાતા જોઈ શકે છે. દેશમાં સૌ પ્રથમ વીવીપેટનો પ્રયોગ ૨૦૧૩માં નાગાલેન્ડની ચૂંટણીમાં થયો હતો, ત્યારબાદ સુપ્રીમ કોર્ટે વીવીપેટ મશીન બનાવવા માટે રૂપિયા ફાળવવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો. ૨૦૧૪માં પણ વીવીપેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડે ૨૦૧૬માં ૩૩૫૦૦ વીવીપેટ બનાવ્યા હતા. ૨૦૧૭માં યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણી પંચે ૫૨૦૦૦ વીવીપેટનો ઉપયોગ કર્યો હતો. હવે દેશમાં યોજાનારી પ્રત્યેક ચૂંટણીમાં વીવીપેટનો ઉપયોગ કરવાનું ફરજીયાત બનાવવામાં આવેલું છે.

**ભારતમાં ૨૫૯૮ રાજકીય પક્ષો સક્રિય છે...**

ભારતમાં રાજકીય પાર્ટીઓની સંખ્યા પ્રતિવર્ષ વધતી જાય છે. સૌથી જૂની પાર્ટી તરીકે કોંગ્રેસ પ્રસ્થાપિત થયેલી છે. સૌથી મોટી પાર્ટી હોવાથી નેતાઓ વચ્ચે મતમતાંતર વધતાં કોંગ્રેસના અનેકવાર વિભાજન થયાં છે. ભારતના ચૂંટણી પંચના આંકડા પ્રમાણે અત્યારે દેશમાં આઠ નેશનલ પાર્ટી, ૫૨ સ્ટેટ પાર્ટી અને ૨૫૩૮ અનરજીસ્ટર્ડ પાર્ટી સાથે કુલ ૨૫૯૮ રાજકીય પક્ષો સક્રિય છે, જેઓ વિવિધ ચૂંટણીમાં ભાગ લેતાં હોય છે. કોંગ્રેસનો જન્મ ૨૮મી ડિસેમ્બર ૧૮૮૫માં થયો હતો જ્યારે ભાજપનો જન્મ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૮૦માં થયો હતો. ભારતના રાજકારણમાં ૨૦૧૨માં જ્યારે આમ આદમી પાર્ટીનો જન્મ થયો ત્યારે તે મજબૂત પક્ષ તરીકે ઉભરી આવી હતી. એવી જ રીતે કોંગ્રેસમાંથી છૂટા પડેલાં મમતા બેનરજીએ ૧લી જાન્યુઆરી ૧૯૯૮માં ઓનઈન્ડિયા ત્રુણમૂલ કોંગ્રેસની સ્થાપના કરી હતી. બીજી તરફ કોંગ્રેસના સ્ટ્રોંગ લિડર શરદ પવારે કોંગ્રેસ છોડીને મહારાષ્ટ્રમાં નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીની સ્થાપના કરી હતી. આ ત્રણ રાજકીય પાર્ટીઓએ દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી કોંગ્રેસ અને ભાજપનું ધ્યાન ખેંચ્યું છે.